**<u>ક્રિમી કેસ નં. ૧૨૭૭/૧૯૯૯</u>**

## :: આંક–૦૧ લગત હુકમ ::

(૧) રેકર્ડ વંચાણે લીધું. આ કેસ ઈ.પી.કો. કલમ–૩૮૦, ૧૧૪ મુજબના ગુના માટે વેજલપુર પો.સ્ટે. ધ્વારા દાખલ થયેલી ચાર્જશીટના આધારે રજુ થયેલો છે. કેસની ટુકમાં વિગત એવી છે કે, આરોપીઓ ધ્વારા ફરીયાદીના મકાનમાં પ્રવેશ કરી તિજોરીમાં રાખેલા સોના ચાંદીના દાગીના કુલ રૂા. ૫૭,૧૦૦/– ની ચોરી કરી હતી.

(૨) આ કેસ આરોપી સત્યનારાયણ ઉર્ફે બકો ઉર્ફે રવિ ધનજીભાઈ વિરૂધ્ધ દાખલ કરેલો કેસ છે. આ આરોપી પાછળથી પકડાયેલો છે, પોલીસ તપાસમાં જે ઉલ્લેખ છે તે પ્રમાણે ગુનામાં કુલ ત્રણ આરોપી છે જે પૈકી આરોપી મહેશ અને અજયને અગાઉ ધરપકડ કરવામાં આવી હતી અને હાલનો આરોપી સત્યનારાયણ પાછળથી પકડાયેલો હતો.

(૩) વધુમાં જે ફરીયાદ રજુ થઈ છે તે પ્રમણે આ ઘટના તા. ૧૦/૦૩/૧૯૯૩ ના રોજ એટલે કે લગભગ ૩૧ વર્ષ પહેલા બનેલ છે. હાલના આરોપી પાસેથી કોઈ મુદ્દામાલ પોલીસે રીકવર કરેલ હોય તેવુ જણાતુ નથી. વધુમાં અગાઉ જે ચાર્જશીટ રજુ થયેલ છે તે આરોપી મહેશ અને અજય બાબતે કોર્ટની સી.આઈ.એસ. સીસ્ટમમાં તપાસ કરતા તા.૧૩/૦૫/૨૦૨૩ ના રોજ સરકારશ્રી ધ્વારા સી.આર.પી.સી. કલમ–૩૨૧ પ્રમાણે કેસ વિડ્રો કરી લેતા આરોપી મહેશ અને અજય સામેનો કેસ પુર્ણ થઈ ગયેલ છે.

(૪) આરોપી ધ્વારા આ કેસમાં પુરાવામાં તબકકે ગુનો કબુલ કરવાનું સ્વૈચ્છાપૂર્વક જાહેર કરવામાં આવેલ છે. તે બાબતે આરોપી ધ્વારા લેખિતમાં જાહેરાત કરવામાં આવેલ છે. અને એવી વિનંતી કરેલ છે કે, આરોપી ગરીબ વ્યકિત છે અને આ ગુનો વર્ષો જુનો છે, વર્ષોથી આરોપી આ કેસની ટ્રાયલમાં હાજર રહે છે તે હકીકત ધ્યાને લઈ ઓછામાં ઓછી સજા કરવા વિનંતી કરેલ છે.

(૫) વિ.એપીપીશ્રીની રજુઆત છે કે, કેસના સંજોગોને ધ્યાને લઈ યોગ્ય હુકમ કરવો જોઈએ.

(૬) આ કેસમાં પુરાવાના તબકકે આરોપી ધ્વારા કબુલાત જાહેર કરી છે. તે પહેલા પ્રોસીકયુશનના સાક્ષીઓને સમન્સ ઈશ્યુ કરવામાં આવેલા હતા. જેમાં ફરીયાદી કે અન્ય કોઈપણ સાહેદો મળી આવેલા નથી. હવે આ વર્ષો જુના કેસમાં આરોપી સ્વૈચ્છાપૂર્વક ગુનો કબુલ કરી રહેલા છે. હાલના આરોપી સિવાયના અન્ય આરોપી સામેનો કેસ સી.આર.પી.સી. કલમ–૩૨૧ મુજબ વિડ્રો થઈ ચુકયો છે. આ આરોપી પાસેથી કોઈ જ મુદ્દામાલ રીકવર થયો નથી. આરોપી સામાન્ય પરિસ્થિતિના છે અને લગભગ ગુનો નોંધાયા પછી લગભગ ૩૧ વર્ષ સુધીનો સમય

**<u>ક્રિમી કેસ નં. ૧૨૭૭/૧૯૯૯</u>**

પસાર થઈ ચુકયો છે. આ તમામ બાબતોને ધ્યાને લેતા મારુ એવુ માનવુ છે કે, આરોપીને કોર્ટ ઉઠતા સુધીની સજા અને રૂા.૫૦૦૦/– દંડની શિક્ષા કરવામાં આવે તો તે વ્યાજબી ગણાશે. જેથી નીચે મુજબનો આખરી હુકમ કરુ છું.

**:: હુકમ ::**

- આરોપી સત્યનારાયણ ઉર્ફે બફો ઉર્ફે રવિ ધનજીભાઈને ઈ.પી.કો. કલમ–૩૮૦, ૧૧૪ ના ગુના માટે કસુરવાર ઠરાવી આ બન્ને ગુના માટે એકત્રિત રીતે કોર્ટ ઉઠતા સુધીની સજા તથા રૂા.૫૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) નો દંડની શિક્ષા કરવામાં આવે છે, જો દંડ ન ભરે તો એક માસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.
- આરોપીને આ હુકમની એક ખરી નકલ વિના મુલ્યે આપવી.

હુકમ આજરોજ તારીખ: ૦૯મી, માહે. માર્ચ, સને–૨૦૨૪ ના રોજ સ્પેશ્યલ સીટીંગમાં વાંચી –સંભળાવી સહી કરીને જાહેર કર્યો.

સ્થળ:અમદાવાદ.
તા.૦૯/૦૩/૨૦૨૪.

**(વી. જી. રાણા )**
એડી.ચીફ મેટ્રોપોલિટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નંબર:૨૩,અમદાવાદ.